તાપમાન
મહત્તમ : ૪૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૨૩ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૭૧ | ૨૨ મે, ૨૦૧૬, રવિવાર ; વૈશાખ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



સેકટર-૨૨નું
જય અંબે સ્વીટ માર્ટ
હવે વૃન્દાવન
૩૯ વર્ષોથી
શુધ્ધ-સ્વાદિષ્ટ
મિઠાઇ અને ફરસાણ
પીરસીને ગાંધીનગરના
સ્વાદપ્રિય નાગરિકોના હૃદયમાં
સ્થાન હાંસલ કરનાર
જય અંબે સ્વીટ માર્ટ
વર્ષોની સ્વાદની એ જ
પરંપરા સાથે હવે
વૃન્દાવન બન્યું છે.

સુમધુર સ્વાદની નવી ઓળખ,
નવા રૂપ-રંગ સાથે આજથી શુભારંભ
જય અંબે સ્વીટ માર્ટ
SINCE 1977
વૃન્દાવન
Vraj ni Madhurta
શોપ નં. 2-3, મેઇન શોપીંગ સેન્ટર, સેક્ટર-22, ગાંધીનગર.
Ph. : 079-2322 6050, 6572 8851. email : chetankandoi@yahoo.co.in, www.vrindavansweets.com
PARAM

સ્વીટ્સ | નમકીન | સ્નેક્સ
બેકરી | ડ્રાય ફ્રુટ્સ | ચોકલેટ્સ
SUKHADIA'S SINCE 1977 QUALITY PURE & SURE
એસ્સોસિએટ ફર્મ
સેક્ટર-૨૧ : એ/૧૨, ડીસ્ટ્રીક શોપીંગ સેન્ટર, સેકટર-૨૧, ગાંધીનગર. ફોન : ૦૭૯ ૨૩૨૪ ૭૭૮૮
સેક્ટર-૭ : શોપ નં. ૪, શોપીંગ સેન્ટર, સેકટર-૭, ગાંધીનગર. ફોન : ૦૭૯ ૨૩૨૨ ૪૪૬૬
સેક્ટર-૩ : ૧૬૫૪, શોપીંગ સેન્ટર, ચર્ચ પાસે, સેકટર-૩, ગાંધીનગર. ફોન : ૦૭૯ ૬૫૭૨ ૫૧૪૦
ઘ-૫ : પેટ્રોલ પંપ સામે, સેકટર-૨૨, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૪ ૯૪૫૦


# સિંહસ્થના શાહી સ્નાનમાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા



## વહેલી પરોઢે ત્રણ વાગ્યા શાહી સ્નાનની શરૂઆત થઇ ગઇ : અભૂતપૂર્વ સુરક્ષાની વ્યવસ્થા વચ્ચે શાહી સ્નાન પ્રક્રિયા : અંતિમ અને ત્રીજા શાહી સ્નાન માટે પહેલાથી અખાડા માટે સમય અને ઘાટને નક્કી કરી દેવાયા

ઉજ્જૈન,તા. ૨૧

મધ્યપ્રદેશમાં ચાલી રહેલા સિંહસ્થ કુંભમાં આજે ત્રીજા અને અંતિમ શાહી સ્નાનમાં પણ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ક્ષિપ્રા નદીના કિનારે ચાલી રહેલા સદીના બીજા સિંહસ્થ કુભમાં આજે ત્રીજા અને અંતિમ શાહી સ્નાનને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ વખતના શાહી સ્નાન માટે જુદા જુદા અખાડા માટે પહેલાથી જ સમય અને ઘાટ નક્કી કરી દેવામાં આવ્યા હતા. પ્રથમ વખત શૈવ અને વૈષ્ણવ અખાડાના સાધુ સંતો જુદા જુદા ઘાટ પર એક જ સમય પર સ્નાન કરતા નજરે પડ્યા હતા. અખિલ ભારતીય અખાડા પરિષદના અધ્યક્ષ નરેન્દ્ર ગીરીના નેતૃત્વમાં ગુરૂવારના દિવસે મહત્વપૂર્ણ બેઠક યોજાઇ હતી. જેમાં ત્રીજા અને અંતિમ સ્નાનમાં ક્ષિપ્રા નદીના દત્ત અને રામઘાટ પર એક સમય જ પર ત્રણ વાગ્યેથી શૈવ અને વૈષ્ણવ અખાડાના સંતો સ્નાન કરશે તેઓ નિર્ણય લેવામાં આવ્યા બાદ આજે સવારથી ભારે ઉત્સાહ સંતોમાં જોવા મળ્યો હતો. શાહી સ્નાન સવારે ત્રણ વાગ્યા શરૂ કરવામા ંઆવ્યા બાદ સવાર સુધી ચાલ રહેતા સાધુ સંતોમાં ઉત્સાહ દેખાયો હતો. કુંભ ખાતે નજારો આજે જોવા લાયક રહ્યો હતો. સાધુ સંતોએ પણ મોટી સંખ્યામાં શાહી સ્નાનમાં ભાગ લીધો હતો. ચારેબાજુ હર હર મહાદેવના જયનાદ સાંભળવા મળ્યા હતા. જુદી જુદી જગ્યાઓ ઉપર નાગા સાધુ સંતો પણ કરતબ કરતા નજરે પડ્યા હતા. કેટલાક નાગા સાધુ સંતો કૂદતા ઘાટ તરફ આગળ વધ્યા હતા. ત્રીજા શાહી સ્નાન પર તમામ ૧૩ અખાડાના સાધુ સંતોએ ડુબકી લગાવી હતી. કેટલાક અખાડાના સંતો રથમાં સવાર થઈને નિકળ્યા હતા.

# ધો-૧૦નું પરિણામ મંગળવારે જાહેર થશે

અમદાવાદ, તા.૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૧૬માં લેવાયેલી એસએસસી (ધોરણ-૧૦)ની પરીક્ષાનું પરિણામ તા. ૨૪-૦૫-૨૦૧૬ને મંગળવારના રોજ સવારે ૮-૦૦ કલાક પછી બોર્ડની વેબસાઈટ www.gseb.org ઉપર જાહેર થનાર છે. ગુણપત્રકોનું વિતરણ તા. ૨૬-૦૫-૨૦૧૬ને ગુરુવારના રોજ જે તે જિલ્લાના વિતરણ કેન્દ્ર ખાતેથી સવારે ૧૧-૦૦ થી ૪-૦૦ કલાક દરમ્યાન કરવામાં આવશે. શાળાઓના પ્રતિનિધિઓ આચાર્યના સહી સિક્કા કરેલ ઓથોરિટીપત્ર રજુ કરી ગુણપત્રકો મેળવી શકશે. બોર્ડની વેબસાઈટ www.gseb.org, www.gipl.net પરથી પરિણામ જાણી શકાશે.

ગુણચકાસણીની અરજીઓ માત્ર ઓનલાઈન માધ્યમથી તા. ૨૬-૦૫-૨૦૧૬થી તા. ૭-૬-૨૦૧૬ સુધી કરી શકાશે. ગુજરાત કોલ સેન્ટરના ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૩૫૫૦૦ ઉપરથી પરિણામ બાબતે કોઈ મુશ્કેલી હોય તો માર્ગદર્શન મળી શકશે.

જ્યારે બીજી બાજુ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ ૨૦૧૬માં લેવાયેલી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૨૬મી મેના રોજ જાહેર કરવામાં આવે તેવી સંભાવના બોર્ડના સુત્રો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.



બુદ્ધજયંતિ - ત્યાગ અને કરૂણાની મૂર્તિ ભગવાન બુદ્ધની જન્મ જયંતિ નિમિત્તે રાજ્યના મહાનગરોમાં શોભાયાત્રાઓ યોજાઈ હતી... ભગવાન બુદ્ધ ભારતીય સંસ્કૃતિનું પૂજનીય પ્રકરણ છે...

# રાજધાની - શતાબ્દી ટ્રેનોમાં યાત્રીને નવા વિકલ્પો અપાશે

મુંબઈ,તા. ૨૧

રેલવે દ્વારા શતાબ્દી અને રાજધાની એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરતા યાત્રીઓને વધારે રાહત આપવા માટેની તૈયારી કરી લેવામાં આવી છે. હવે શતાબ્દી અને રાજધાની ટ્રેનોના યાત્રીઓને ભોજન લેવા અથવા તો ન લેવા માટેના વિકલ્પ આપવામાં આવનાર છે. ટિકિટની ખરીદી કરતી વેળા જ વિકલ્પ આપવાની જરૂર રહેશે. જે યાત્રી ભોજન કરવા માટે તૈયાર દેખાશે નહી તેમની પાસેથી ટિકિટ ખરીદતી વેળા કેટરિંગના પૈસા લેવામાં આવશે નહી. આઈઆરસીટીસીના કહેવા મુજબ આની શરૂઆત ૧૫મી જુનના દિવસથી કરવામાં આવનાર છે. આની ટ્રાયલની પ્રક્રિયા બે શતાબ્દી અને બે રાજધાની મારફતે કરવામાં આવનાર છે. નવી વ્યવસ્થા હેઠળ આ ટ્રેનોમાટે ટિકિટ લેતી વેળા વિકલ્પ પુછવામાં આવશે કે કેટરર પાસેથી ભોજનની સુવિધા લેવા માંગે છે કે કેમ તે અંગે પુછવામાં આવશે.

# ગુજરાતમાં દિવ્યાંગો માટે શ્રેણીબદ્ધ છુટછાટની જાહેરાત

## વ્યક્તિદીઠ સાધન સહાયતાની રકમ છ હજારથી વધારીને રૂપિયા ૧૦ હજાર કરાઇ : લગ્નના કિસ્સામાં પણ સહાય

અમદાવાદ, તા.૨૧

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજયમાં દિવ્યાંગ વ્યક્તિઓને આપવામાં આવતી વ્યક્તિદિઠ સાધન સહાયમાં ચાર હજાર રૂપિયાનો વધારો કરી હવેથી રૂ. ૧૦ હજાર આપવાની જાહેરાત કરી છે.

મુખ્યમંત્રીએ અમદાવાદમાં કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અધિકારીતા મંત્રાલયના વિકલાંગ સશક્તિકરણ વિભાગ અને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના ઉપક્રમે યોજાયેલા સુગમ્ય ભારત અભિયાન વર્કશોપનો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ આ અવસરે રાજયમાં દિવ્યાંગ વ્યક્તિઓના કલ્યાણ હિત માટેના શ્રેણીબધ્ધ નિર્ણયો પણ ગૌરવ સહ જાહેર કર્યા હતા.

તેમણે આ સંદર્ભમાં જાહેર કર્યું કે,દિવ્યાંગ વ્યક્તિ કોઈ સામાન્ય વ્યક્તિ સાથે લગ્નગ્રંથીથી જોડાય ત્યારે અગાઉ રૂ. ૨૦,૦૦૦ની આર્થિક સહાય મળતી હતી. આપણે હવે એવો નિર્ણય કર્યો છે કે, આવા દિવ્યાંગ યુગલ અને વ્યક્તિઓને રૂ. પચાસ પચાસ હજાર આર્થિક સહાય રાજય સરકાર આપશે. તેમ તેમણે જણાવ્યું હતું.

પોલિયોના દર્દીઓ માટે શસ્ત્રક્રિયા અને પુનઃસ્થાપન માટે એટલે કેઓપરેશન અને કેલિપર્સ બંનેના ખર્ચ પેટે અત્યાર સુધી રૂ. ૩૫૦૦ની મદદ સહાય કરવામાંઆવતી હતી. તેવધારેને હવેરૂ. ૧૦,૦૦૦ કરવાનો નિર્ણય પણ રાજય સરકારે કર્યો છે. તેની ભૂમિકા આપતાં તેમણે ગુજરાતમાં સેવાભાવી સંસ્થાઓ દ્વારા યોજાતા પોલિયો કેમ્પની સરાહના કરી હતી. અગાઉ આવી સહાય મેળવવા માટે ગ્રામ્ય વિસ્તારના દિવ્યાંગ વ્યક્તિની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૪૭,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂ. ૬૮,૦૦૦ હતી તે આવક મર્યાદા સંપૂર્ણ પણે દુર કરી છે. તેમ પણ મુખ્યમંત્રીએ ગૌરવ સહ જણાવ્યું હતું.

આનંદીબેન કહ્યું કે, દિવ્યાંગ વ્યક્તિઓને બાપડા બિચારા કે ઓશિયાળા પણાના ભાવથી મુક્ત કરી તેમને પણ સામાન્ય માનવી જેમ સ્વમાનભેર જીવતા કરવાના સરકારના પ્રયાસોમાં જનસહયોગ પણ એટલો જ આવશ્યક છે. તેમણે સમાજ અને સરકાર સાથે મળીને દિવ્યાંગ વ્યક્તિઓનું જીવન બહેતર સરળ સુગમ્ય બનાવે તે દિશાના પ્રયાસો માટે પ્રેરક આહવાન કર્યું હતું.

આનંદીબેને વિકલાંગ દિવ્યાંગ ખેલ પ્રતિભાઓને ખિલવાના અવસર આપવા સામાન્ય કેટેગરીના ખેલાડીઓ સમકક્ષ પ્રોત્સાહન પુરસ્કાર આપવાની નેમ દર્શાવી હતી.


ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે
ફોન કરો
સોમનાથ
ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

કેસર કેરી મહોત્સવ-૨૦૧૬
શુભારંભ ૧૦-૫-૨૦૧૬ સવારે ૯.૦૦ કલાકેથી શરૂ
૧૦૦% કાર્બાઈડ વગરની
કેસર કેરી
ખેડૂતો દ્વારા વેચાણ સહ પ્રદર્શન
માનવંતા ગ્રાહકોને પધારવા જાહેર આમંત્રણ
મો. ૯૦૩૩૭૭૩૬૧૪, ૯૭૨૬૬૮૮૩૭૭
ચ-૩ સર્કલની બાજુમાં, લાયન્સ ગરબા ગ્રાઉન્ડ, સેક્ટર-૧૧, ગાંધીનગર

First Time in Gandhinagar
Launching on SUNDAY
Shaakbhaji online
Date : 22 May, 2016, Sunday
Time : 9.00 A.M.
Venue : Dr. B. R. Ambedkar Bhavan, Sector-12, Gandhinagar
With best Compliments from
Sri Pramod Kumar Gaur | Sri Sudhir Kumar | Shi Pradeep Shrivastav
Sri Shatrughan R. Sinha | Sri Ayursh P. Gaur | Sri Sanjay P. Gaur | Sri Sarthak Shrey

Opening Ceremony
We earnestly solicit your esteemed presence
with family on the occasion of the
Opening Ceremony
of
Riya Fashions
| Sarees | Kurtis | Tops | Tunics |
| Dress Material | Bed Sheet | Purse |
| Handbag | Clutches | Children wear |
Date : Sundat 22nd May 2016
Time : 10.00 am
We appreciate your
kind presence and blessings
: Venue :
107, 1st Floor, Goldmine Jewel,
Near D-Mart, Greencity, Sector-28, Gandhinagar

અમૂલ દૂધ
પીતા હૈ
ઈંડિયા
₹36*/1 L
અમૂલ
તાજા
200mL: ₹ 7.5*, 500mL: ₹ 18*,
*MRP (incl. of all taxes), transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079 - 23969055/56/57